---

**પ્રિન્સીપાલ સિનીચર સિવીલ કોર્ટ સમક્ષ, ભુજ–કચ્છ.**

---

**<u>રેગ્યુલર દિવાની તામીલ નં.૮૪/૨૦૨૨</u>**

**<u>:: આંક–૧ લગત હુકમ ::</u>**

**૧.** આજરોજ પોકાર કરતા અરજદાર/હુકમનામાં લેણદાર હાજર નથી તથા તેમના વિધ્વાન વકીલશ્રી હાજર નથી.

**૨.** આ કામે હાલની દરખાસ્તના કામે હુકમનામાં દેણદારને નોટિસ બજી ગયેલ છે.

**૩.** ત્યારબાદથી હાલનું કામ ઘણા લાંબા સમયથી જે.ડી. ને વોરન્ટ આંક–૮ થી વગર બજે પરત છે. રેકર્ડ ધ્યાને લેતા જે.ડી. ને વોરન્ટ વગર બજે પરત આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવા માટે કોઈ પ્રયત્ન કરવામાં આવેલ હોય તેવું જણાતું નથી. આજરોજ પણ ડી.હો. હાજર નથી કે સદરહુ કામે કોઈ આગળની કાર્યવાહી કરવા કોઈ રજુઆત નથી.

**૪.** આમ આ કામે ડી.હો. તરફથી સદરહુ વોરન્ટની બજવણી સંબંધે કોઈ કાર્યવાહી કરતા ન હોઈ કે હાજર રહેતા ન હોઈ કે વોરન્ટની બજવણી કરવા અંગે કોઈ રસ દાખવતા ન હોઈ વોરન્ટ બજી શકેલ નથી.

**૫.** આમ, હાલની અરજી લાંબા સમયથી વિલંબિત છે. હુકમનામા લેણદારને આગળ ચલાવવામાં રસ જણાતો નથી. એથી પણ વિશેષમાં નામદાર સુપ્રીમ કોર્ટના ધ્વારા ''પેરીયામલ વિરુધ્ધ રાજામણી'' ના ચુકાદામાં આપવામાં આવેલ માર્ગદર્શિકાને ધ્યાને લેતાં ઝડપી કાર્યવાહી કરવા આદેશ કરેલ છે.

**૬.** હુકમનામા લેણદારને પૂરતી તક અને કોર્ટ ધ્વારા પણ રાહ જોવા છતાં હાજર રહી કાર્યવાહીમાં સક્રિય ભાગ ભજવેલ નથી. જેથી, હુકમનામા લેણદારને આ દરખાસ્ત આગળ ચલાવવામાં રસ જણાતો ન હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

હાલની દરખાસ્ત હુકમનામા લેણદારની ગેરહાજરીના તથા કસૂરના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૮ મી, માહે : સપ્ટેમ્બર, સને : ૨૦૨૫ ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૮/૦૯/૨૦૨૫
સ્થળ : ભુજ–કચ્છ.

**(કર્દમ ચંદ્રવદન જોષી)**
પ્રિન્સીપાલ સિનીચર સિવીલ જજ
ભુજ–કચ્છ (કોડ જીજે૦૧૧૩૨)